ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



વર્ષ -૨૮ (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર)
VOL - XXVIII 2012-13 ISSUE-I

માનદ તંત્રી - નૈષધ વ્યાસ
સંકલન - ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

શ્રી યોગભિક્ષુ – વચનામૃત

(૧) કોઈપણ ભોગે દ્રવ્ય અને યશ પ્રાપ્ત કરવાની ઇચ્છા અને આધુનિક ગણાવવાનું ભૂત મનુષ્ય પર સવાર થાય છે ત્યારે તે મનુષ્યને પોતાનું મનુષ્યપણું, પોતાના આદર્શો વગેરે છોડવા લાચાર કરી નાખે છે.

(૨) કોઈપણ પ્રકારનો નશો કરવો એ પોતાની કમજોરીની સાબિતી છે. શરૂઆતમાં નશો શક્તિ આપતો જણાય છે, પરંતુ નશાથી આવતી અશક્તિની ધીરેધીરે ખબર પડે છે.

(૩) ધીરેધીરે નશાબાજ એટલો બધો અશક્ત થઈ જાય છે કે, પછી તે પોતાને તથા પોતાના કુટુંબને પાયમાલીના માર્ગેથી પાછાં વાળી શકતો નથી. પછી તે પોતાના સર્વસ્વને બરબાદ થતું જોયા કરે છે અને રોયા કરે છે, પણ પોતે પાછો વળી શકતો નથી.

(૪) અમુક પ્રસંગે જ નશો કરનાર એમ માનતો હોય છે કે, "આ રીતે આપણને ક્યાં આદત પડી જવાની હતી?" પણ તેની આ માન્યતા ભયંકર ભૂલભરેલી છે. જેમ નાનું એવું છિદ્ર રહી જવાથી ઘડાનું બધું પાણી બહાર વહી જાય છે તેમ, નાની એવી કમજોરીના કારણે મનુષ્યનું આદર્શ જીવન ચૂંથાઈ જાય છે. અમુક સમયે જ કરાતો નશો, સમય જતાં તે પૂરબહારમાં પોતાનો અડ્ડો જમાવે છે અને મનુષ્યને સંપૂર્ણપણે વશ કરીને બેહાલ કરી નાખે છે.

(૫) કદાચ આપણે તો નશો ખૂબ સાવધાન અને મર્યાદામાં રહીને કરતા હોઈએ, પરંતુ આપણાં બાળકો અને આશ્રિતો એવી સાવધાની નથી રાખી શકવાનાં. એ તો કેવળ નશો કરવા બાબતનું જ આપણું અનુકરણ કરવાનાં અને તેથી આપણી નજર સમક્ષ જ તેમનો ઘાણ નીકળી જતો જોઈને આપણી સ્થિતિ કોઠીમાં મોઢું નાખીને રોવા જેવી થવાની.

(૬) કોઈક જ એવો ઉત્તમ જીવ હોય છે જે પોતાની કમજોરીને "કમજોરી" તરીકે જોઈ શકે છે, અને તે અન્યોમાં ન પેસે તેની સાવધાની રાખે છે. સામાન્ય મનુષ્ય તો પોતાની કમજોરી અન્યોમાં પ્રસરાવીને નાકકટ્ટાનો જ પંથ વધારવાનો પ્રયત્ન કરતો હોય છે.

(૭) શ્રેયસ્કર તો એ છે કે, અનિષ્ટોના સ્પર્શથી પણ દૂર રહીએ. જો કદાચ અનિષ્ટોના સ્પર્શની-પ્રવેશની શરૂઆત થઈ ગઈ હોય, તો સાવધાન થઈ જઈએ. તે અનિષ્ટ અદમ્ય આદતનું સ્વરૂપ ધારણ કરીને આપણને પૂર્ણપણે પોતાને વશ કરીને નષ્ટભ્રષ્ટ કરી નાખે એ જ પહેલાં જે તેને સુદૃઢપણે ત્યાગી દઈએ.

ઓમ્ પરિવારના ઉત્સવ

ગુરુપૂર્ણિમા	શ્રી કામનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ હૉલ, સેન્ટ ઝેવિયર્સ (લૉયેલા) સ્કૂલની સામે, મેમનગર રોડ, નવરંગપુરા, અમદાવાદ.	૦૩-૭-૧૨ મંગળવાર, સવારે ૮ થી ૧

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥
ऋतम्भरा (ऋतम्भरा) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
બહુજન હિતાય -બહુજન સુખાય

વર્ષ - ૨૮ (જુલાઈ, ઑગસ્ટ, સપ્ટેમ્બર) માનદ તંત્રી - નૈષધ વ્યાસ
VOL - XXVIII 2012-13 ISSUE-I સંકલન - ડૉ. સ.સ. બિલ્લુ

મુક્તા

પાતંજલ યોગદર્શન - સમાધિપાદ

યોગભિક્ષુ

યોગદર્શનના સમાધિપાદમાં પતંજલિમુનિએ સમાધિઓનું વર્ણન કરેલું છે.

જે એકાગ્રતામાં શબ્દ, અર્થ અને જ્ઞાનની હાજરી અનુભવાતી હોય અને એકાગ્રતાનો વિષય સ્થૂળ હોય તે સવિતર્ક સમાધિ કહેવાય અને -

જે એકાગ્રતામાં શબ્દ અને જ્ઞાન લય પામી ગયાં હોય, ફક્ત અર્થ જ ભાસમાન થતો હોય અને વિષય સ્થૂળ હોય તે નિર્વિતર્ક સમાધિ કહેવાય. તેવી જ રીતે -

જે એકાગ્રતામાં સવિતર્કની જેમ શબ્દ, અર્થ અને જ્ઞાનની હાજરી અનુભવાતી હોય, પણ વિષય સૂક્ષ્મ હોય તે સવિચાર સમાપત્તિ કહેવાય. અને -

જે એકાગ્રતામાં નિર્વિતર્કની જેમ શબ્દ અને જ્ઞાન લય પામી ગયાં હોય અને અર્થમાત્ર જ ભાસમાન થતો હોય, પણ એકાગ્રતાનો વિષય સૂક્ષ્મ હોય તે નિર્વિચાર સમાપત્તિ-સમાધિ કહેવાય. નિર્વિચાર સમાધિમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લેવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થવાથી બુદ્ધિમાં નિર્મળપણું આવે છે.

બુદ્ધિમાં નિર્મળપણું આવવાથી શું મળે છે એ હવે કહે છે.

तत्र ऋतम्भरा प्रज्ञा ॥४८॥

ભાવાર્થ : તેનાથી (અધ્યાત્મના પ્રસાદથી) પ્રજ્ઞા ઋતથી ભરાઈ જાય છે.

વિસ્તાર : તેનાથી પ્રજ્ઞા ઋતમ્ભરા થઈ જાય છે. જ્યારે નિર્વિચારમાં પ્રવીણતા પ્રાપ્ત થઈ જાય અને તેનાથી આધ્યાત્મિકતાનો પ્રસાદ મળે અને તે પ્રસાદથી બુદ્ધિમાં નિર્મળતા આવે ત્યારે, નિર્મળતાવાળી બુદ્ધિ શાની પ્રાપ્તિ કરી લે છે? ઋતની, અર્થાત્ અનુભવેલા સત્યની. બુદ્ધિ સત્યથી ભરાઈ જાય, બુદ્ધિમાં નિર્મળતા આવી જાય ત્યારે બુદ્ધિને શું કહે છે? ત્યારે બુદ્ધિ એવું તેનું નામ ચાલ્યું જાય છે અને તેને 'પ્રજ્ઞા' કહેવામાં આવે છે.

આપણે પ્રજ્ઞાચક્ષુ શબ્દ વાપરીએ છીએ. જે મનુષ્ય અંધ હોય - ચર્મચક્ષુથી જોઈ શકતો ના હોય તેને પ્રજ્ઞાચક્ષુ કહે છે. તેને ચર્મચક્ષુઓ નથી, પણ પ્રજ્ઞાચક્ષુઓ છે, તેથી તે બુદ્ધિ દ્વારા જગતનો અનુભવ કરે છે. અંધજનો ચર્મચક્ષુથી જોઈ શકતા નથી, તેથી તેઓ જગતને બુદ્ધિનાં ચક્ષુઓથી જુએ છે.

પ્રજ્ઞા એટલે બુદ્ધિથી પણ ઉપરની સ્થિતિ. પ્રજ્ઞાથી જગતને જે જુએ-અનુભવે તેનું નામ પ્રજ્ઞાચક્ષુ. જ્યારે બુદ્ધિ નિર્મળ થઈ જાય - સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષયોને પણ ગ્રહણ કરી શકે એટલી સૂક્ષ્મ બુદ્ધિ થઈ જાય, ત્યારે તેનું નામ 'પ્રજ્ઞા' થઈ જાય છે. સામાન્ય બુદ્ધિ સામાન્ય બોધને ગ્રહણ કરે છે. બોધને જે ગ્રહણ કરે તે બુદ્ધિ. બોધ, બુદ્ધ અને બૌદ્ધ આ બધા શબ્દો એકબીજામાંથી નીકળેલા છે. બુદ્ધિ દ્વારા બોધની

પ્રાપ્તિ થઈ શકે છે. સદ્‌બોધને ગ્રહણ કરીને બુદ્ધ થઈ શકાય અને બુદ્ધના અનુયાયીઓને બૌદ્ધ કહેવાય. પરંતુ, બુદ્ધિ વિનાના તો બુદ્ધુ કહેવાય. સામાન્ય બોધને જે ગ્રહણ કરે તે બુદ્ધિ કહેવાય અને અસમાન્ય બોધ (સદ્‌બોધ)ને જે ગ્રહણ કરે તે પ્રજ્ઞા કહેવાય. આત્મા અને પરમાત્મા જેવા સૂક્ષ્મ વિષયોને ગ્રહણ કરી શકે તેટલી સૂક્ષ્મતા બુદ્ધિમાં જ્યારે આવે ત્યારે તેને પ્રજ્ઞા કહેવાય.

અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત કરીને બુદ્ધિ નિર્મળ થઈ જાય, પ્રજ્ઞામાં પરિવર્તિત થઈ જાય પછી તેમાં શાનો વાસ થાય છે? સત્યનો. ત્યારે તે સત્યથી ભરાઈ જાય છે અને તેથી તે પ્રજ્ઞા કહેવાય છે.

જેમ પ્રજ્ઞા-બુદ્ધિને સમજ્યા તેમ ઋત અને સત્ય શબ્દને પણ સમજવા જોઈએ. ગુજરાતીમાં જેનો 'ઋત' ઉચ્ચાર થાય છે તેનો સંસ્કૃત અને હિન્દીમાં 'રિત' ઉચ્ચાર થાય છે, ઋ(રૂ)નો ઉચ્ચાર 'રિ' કરે છે.

આ સૂત્રમાં ઋત શબ્દ આવ્યો છે. ઋત એટલે સત્ય. કેવું સત્ય? ઋત એટલે સત્ય તો ખરું જ, પણ તે અનુભવેલું સત્ય. જાતઅનુભવ કરીને જે જ્ઞાન મેળવીએ તે ઋત કહેવાય. પણ, શાસ્ત્રો દ્વારા કે સાંભળીને જે જ્ઞાન મેળવીએ તે સત્ય કહેવાય. સાંભલેલા સત્ય અને અનુભવેલા સત્ય માટે બે શબ્દો વપરાયા છેઃ સાંભળેલા સત્ય માટે 'સત્ય' અને અનુભવેલા સત્ય માટે 'ઋત' શબ્દ છે.

તો આમ, નિર્વિચાર સમાધિમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લેવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મની પ્રસાદી પ્રાપ્ત થાય એટલે કે બુદ્ધિમાં નિર્મળપણું આવી જાય. આપણે આધ્યાત્મિક શબ્દનો પ્રયોગ તો બોલવામાં અવારનવાર કરીએ છીએ, પણ તેનો પૂરો અર્થ જાણતા નથી. આધ્યાત્મિક શબ્દને છૂટો પાડીએ તો અધિ + આત્મ + ઇક એમ ત્રણ શબ્દ થાય છે. 'અધિ' એટલે વધુમાં વધુ, 'આત્મ' એટલે આત્મા-ચૈતન્ય અને 'ઇક' એટલે 'નું' અધ્યાહાર છે - 'જ્ઞાન'. આધ્યાત્મિક શબ્દનો અર્થ થયો : ચૈતન્ય-આત્માની વધુમાં વધુ જાણકારી-જ્ઞાન-માહિતી. આત્મા વિશે વધુમાં વધુ જાણવાથી જે પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તે તેનો પ્રસાદ છે. નિર્વિચારમાં પ્રવીણતા પ્રાપ્ત કરવાથી આધ્યાત્મિકતાનો વધુમાં વધુ પ્રસાદ મળે છે. આધ્યાત્મિકતાનો પ્રસાદ પ્રાપ્ત થવાથી બુદ્ધિમાં જેવું-જેટલું નિર્મળપણું આવવું જોઈએ તેવું-તેટલું આવે છે અને બુદ્ધિમાં નિર્મળપણું આવવાથી પ્રજ્ઞા ઋતથી ભરાઈ જાય છે.

અસ્તુ.

(ક્રમશઃ)

(પ.પૂ. ગુરુદેવ રચિત 'મુક્તા' પુસ્તકમાંથી સાભાર)

બેસતા વર્ષે પરમ પૂજ્ય ગુરુદેવનાં આશીર્વચન

તા. ૨૭-૧૦-૨૦૧૧, ગુરુવાર — **સંકલન : શશિકાન્ત પટેલ**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

દર વર્ષે બેસતાવર્ષના દિવસે સવારે સાત વાગ્યે સરદાર પટેલ સ્કૂલ પાસે, મણિનગર મુકામે, ઓમ્ પરિવારના ઉપક્રમે પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજની નિશ્રામાં સત્સંગ-સ્વાધ્યાયમિલનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ પ્રસંગે પ.પૂ. ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં ઉન્નતિદાયક સાત્ત્વિક કાર્યો કરવા માટે પ્રેમથી, ભક્તિભાવથી ગુરુપ્રેમીઓ, મુમુક્ષુઓ ઉપસ્થિત થતા હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૭-૧૦-૨૦૧૧ ને ગુરુવારે બેસતું વર્ષ હોવાથી સવારના સ્વાધ્યાય-સત્સંગમિલનના કાર્યક્રમમાં સૌ આનંદ અને ઉત્સાહથી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સર્વેને પૂજ્યશ્રીએ, સૌ કોઈ નવા વર્ષ દરમિયાન વધુ ને વધુ આત્મિક-સાત્ત્વિક ઉન્નતિ કરે તેવા આશીર્વાદની કૃપા વરસાવતાં કહ્યું કે,

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

આજના નવા વર્ષના શુભ દિવસે સર્વેનું સ્વાગત-વંદન-અભિનંદન-આશિષ.

ઓમ્ પરિવારના ઉપક્રમે આયોજકો તરફથી અવારનવાર નાનામોટા કાર્યક્રમ થતા હોય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌકોઈ એકબીજાને નિઃસ્વાર્થભાવે આત્મીયતાપૂર્વક મળીને ખૂબ જ આનંદ કરીએ છીએ. હમણાં તા. ૨૨-૧૦-૨૦૧૧ ને શનિવારે 'ઓમ્ ગુરુદેવ જયંતી'ના કાર્યક્રમની ઉજવણી થઈ. જ્યાં ઉજવણી થઈ તે જગ્યા પણ ખૂબ જ સુંદર હતી. તે પ્રસંગમાં નાના નાના બાળકોએ ભજન ગાયાં હતાં તેની કેટલાય દિવસ સુધી લોકો પ્રસંશા કરતા હતા. આ નાનાં બાળકોએ જાહેરમાં ઊભા થઈને માઇક ઉપર સહેજપણ ગભરાયા વગર મુક્ત-મને જે ભજન ગાયાં તે જોઈ-સાંભળીને હૃદય રોમાંચિત થઈ ગયું. જ્યાં મોટા લોકો આ રીતે ગાવામાં, બોલવામાં ગેંગેં ફેંફેં થઈ જતા હોય છે. પોતાના બાળકોને આમ તૈયાર કરવામાં તેમના વડીલોને પણ કંટાળ્યા વગર ઘણી જ મહેનત કરવી પડી હોય તે સ્વાભાવિક છે. આ શું બતાવે છે?

આ વડીલો પણ પોતાના બાળકોનું આવા સુસંસ્કારના સિંચન દ્વારા ઘડતર થાય તેની કિંમત સમજી શક્યા છે. આ બાળકોમાં અત્યારે આવા સુસંસ્કારરૂપી જે સાત્ત્વિક બીજ વાવવામાં આવે છે તે, જ્યારે તેઓ મોટા થશે ત્યારે ખૂબ જ મોટા વટવૃક્ષ સમાન થશે. અર્થાત્, આ સુસંસ્કારોનો સમયના વહેણ સાથે વધારો થયા કરશે. પરિણામે સુખ-શાંતિમય જીવન જીવી શકશે. આપણે અવારનવાર કહીએ છીએ કે, બાળકોને વારસામાં બીજું કાંઈ પણ આપીશું નહીં, પરંતુ જો તેમને સાત્ત્વિક સંસ્કારો આપ્યા હશે તો, તેના પ્રતાપે જીવનમાં બીજું બધું મેળવી શકશે. પરંતુ, જો ધન, દોલત, ઐશ્વર્ય એમ બીજું ઘણું જ આપ્યું હશે અને સુસંસ્કારો આપ્યા નહીં હોય, તો બીજું જે કાંઈ આપ્યું હશે તે સ્વચ્છંદી જીવન જીવી વેડફી નાંખશે, તેમની પાસેથી ચાલ્યું જશે. તેથી જ પોતાનાં બાળકોના ઉત્કર્ષ માટે સુસંસ્કારોનું સિંચન કરવાના પ્રયત્નને પ્રાધાન્ય આપવું જોઈએ. વળી, ત્યાં (ઓમ્ જયંતિ) પણ જીવનમાં અતિઉપયોગી એવી જીવનપાથેયની ઘણી વાતો થઈ હતી.

આજે શું છે? બેસતું વર્ષ. નવા વર્ષનો પ્રથમ દિવસ. તો, નવા વર્ષે પરમાત્મા પાસે - ગુરુસંતો પાસે શેની ઇચ્છા રાખવાની છે? તેમની પાસે આપણે શેની માગણી કરીએ? ખરેખર તો, પરમાત્મા પાસે - ગુરુસંતો પાસે કાંઈ જ માગણી કરવાની જરૂરત જ નથી. તેમને તો ખબર જ છે કે, કોને શેની જરૂરત છે. આપણે તેમની પાસે શ્રદ્ધાભક્તિપૂર્વક જઈએ તો જેની જરૂર છે તે વગર માગ્યે પણ વહેલુંમોડું મળે જ છે. આપણા જીવનમાં જે કાંઈ સુખ દુઃખ આવે છે તે આપણા સંચિત કર્માનુસાર આવતાં હોય છે. સૌ કોઈએ આ સમજને મનમાં બરોબર દૃઢ કરી લેવાની છે. સારું જીવન જીવવા માટે જરૂરી સુખશાંતિ કર્માનુસાર મળશે એમ વિચારીને હાથ જોડીને, અર્થાત્ નિષ્ક્રિય થઈને બેસી રહેવાનું નથી. જીવનમાં જરૂરી સુખશાંતિ પ્રાપ્ત કરવા માટે સમજણપૂર્વકનો જરૂરી પુરુષાર્થ તો કરવો જ પડે. કહેવત છે કે, પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું. તેથી જીવનમાં ઇચ્છિત પ્રાપ્તિ માટે પુરુષાર્થ તો અવશ્ય કરવો જ પડશે. પછી તે પુરુષાર્થના ફળસ્વરૂપ ઇચ્છિત પ્રાપ્તિ ક્યારે અને કેવી રીતે થશે તે પરમાત્મા ઉપર છોડી દેવાનું. આ વાત સૌએ બરોબર સમજી લેવાની છે. તો આજથી શરૂ થતા નવા વર્ષમાં આપણે પરમાત્મા પાસે એવું માગીએ કે, હે પરમાત્મા, તમે અમારી ઉપર એવી કૃપા કરો કે જેથી તમે અમારી ઉપર જે સતત કૃપા વરસાવી રહ્યા છો તેને અમે સમજી શકીએ, અનુભવી શકીએ. પરમાત્મા આપણી ઉપર જે કૃપા વરસાવી રહ્યા છે તેને આપણે સમજી જ શકીએ નહીં, તો પછી આપણે મહામંદભાગી કહેવાઈએ. આપણી અજ્ઞાનતાને કારણે આપણે જીવનમાં હવાતિયાં જ મારતા રહીએ, રખડી પડીએ, રઝળી પડીએ છીએ. જીવનમાં આવી પરિસ્થિતિનો ભોગ ન બનીએ તે માટે, પરમકૃપાળુ પરમાત્મા પાસે નવા વર્ષમાં એટલું માગીએ કે તેમની આપણી ઉપર જે કૃપા વરસી રહી છે તેને આપણે સમજી શકીએ, તેમાં ઓતપ્રોત થઈ જઈએ.

'સાંઈ ઈતના દીજીએ, જામે કુટુંબ સમાય;
મૈં ભી ભૂખા ન રહું, સાધુ ના ભૂખા જાય.'

સાંઈ એટલે ભગવાન-પરમાત્મા. તો, અહીં પરમાત્મા પાસે શેની અરજ કરવામાં આવી છે? શેની માંગણી કરવામાં આવી છે? માંગણી કરવામાં આવી છે કે હે પરમાત્મા ! આપ અમારી ઉપર કૃપા કરી એટલું આપો કે જેથી મારા કુટુંબનું ભરણ પોષણ સુખ-શાંતિપૂર્વક, સારી

રીતે થઈ શકે. મારા આંગણે જે પણ કોઈ સાધુ-સંત-અતિથિ આવે તે પણ મારા આંગણેથી જમ્યા વગર - ભૂખ્યા પેટે જાય નહીં. હું તેમનો પણ સારી રીતે આદરસત્કાર કરી જમાડી શકું. હે પરમાત્મા ! મને આટલું આપજો, તેનાથી વધુ આપશો નહીં. જો તમે મને વધુ આપશો તો મારા માટે બંધનરૂપ થશે, બોજારૂપ થશે. વધુ માગણી કરી હશે તો તે માટે થઈને વધુ ખેંચાવું પડશે, વધુ પુરુષાર્થ કરવો પડશે. પરમાત્મા આપણને કે કોઈને પણ એમ ને એમ આપતા નથી. તે માટે થઈને આપણે પુરુષાર્થ તો કરવો જ પડે છે, અને કરેલ પુરુષાર્થના ફળરૂપે આપણને આપતા હોય છે. જો વધુ માગણી કરી હશે તો તે માટે વધુ પુરુષાર્થ કરવો પડશે. તેથી જીવન વધુ પડતા દોડધામની આંટીઘૂંટીમાં અટવાઈ જશે. પરિણામે જીવનમાં સુખશાંતિ જળવાશે નહીં. જેલમાં કોઈ કેદી સળિયા પાછળ ઊભો હોય અને આપણે સળિયાની બીજી બાજુ ઊભા હોઈએ, તો આપણને લાગે કે તે સળિયા પાછળ છે, અને કેદીને લાગે કે આપણે સળિયા પાછળ છીએ. બંનેની જોવાની દૃષ્ટિ બદલાઈ જાય છે. તેવી જ રીતે, જો આપણી પાસે જરૂર કરતાં વધુ સંપત્તિ હોય તો બીજાને એમ લાગે કે આપણે ખૂબ સુખી છીએ. જ્યારે વધુ પડતી સંપત્તિને લીધે આપણને એમ લાગે કે આપણે દુઃખી છીએ, જ્યારે બીજા આપણાથી સુખી છે. જરૂર કરતાં જો વધુ સંપત્તિ હશે તો તેને સાચવવા, તેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આપણે રોકાયેલા રહેવું પડશે. આથી આપણને તે બોજારૂપ, બંધનરૂપ થશે. વળી, વધુ પડતી સંપત્તિના કારણે આપણી હા જી હા કરનારાઓનાં ટોળાં આપણી આસપાસ વીંટળાઈ વળશે. આપણે કદાચ કોઈ ખોટું કામ કરતાં હોઈશું, તો આવા લોકો આપણને તેવું કામ કરતા રોકવાને બદલે એવા કામમાં પણ આપણને ટેકો આપશે. કેમકે, આવા લોકોને આપણી પાસે જે સંપત્તિ છે તેમાંથી કાંઈક લેવાની આશા હોય છે. આપણી પાસેની સંપત્તિમાંથી આવા લોકોનેં કોઈ ને કોઈ ભોગે ભાગ પડાવવાની વૃત્તિ હોય છે. તે માટે થઈને તેઓ અનેક જાતની યુક્તિપ્રયુક્તિ અજમાવતા હોય છે. આ કારણે આપણાં સુખશાંતિ છીનવાઈ જાય છે. તેથી પરમાત્મા પાસે જરૂર જેટલી સંપત્તિ આપવા માટે પ્રાર્થના કરવી જોઈએ, જેથી આપણે સુખશાંતિપૂર્વક જીવી શકીએ.

એક શેઠ હતા. તેમનું નામ નાથાલાલ. કરોડો રૂપિયાની સંપત્તિ તેમની પાસે હતી. આ શેઠ નાનપણમાં ખૂબ જ ગરીબ હતા. તેથી ગામમાં તેમને સૌ નાથિયો નાથિયો કહી બોલાવતા હતા. પરમાત્માની દયાથી સંપત્તિવાન થતાં તે નાથિયામાંથી નાથાલાલશેઠ થઈ ગયા. જે લોકો તેમને નાથિયો કહેતા હતા તે લોકો જ હવે તેમને નાથાલાલશેઠ કહી સલામ ભરતા થઈ ગયા. જ્યારે શેઠ ઘરેથી ઘોડાગાડીમાં બેસી બહાર જવા નીકળે, ત્યારે રસ્તામાં જે કોઈ સામા મળે તે સૌ શેઠને જય શ્રીકૃષ્ણ, રામરામ, જય નારાયણ એમ જુદી જુદી રીતે અભિવાદન કરી શેઠનું ધ્યાન પોતાની તરફ ખેંચે. શેઠ પણ આ લોકોને સામે બીજું કાંઈ ન કહેતાં ફક્ત 'હા, હું કહીશ' એમ કહે. આમ, દરરોજ ચાલતું હતું. સમય જતાં આ વાત નગરના રાજા તથા મંત્રી પાસે પહોંચી. તેઓ વિચારે કે, આ વાત સાચી છે કે ખોટી ? અને જો સાચી હોય તો શેઠ આમ કેમ કહે છે તે જાણવું જોઈએ. એક દિવસ રાજા અને મંત્રી શેઠના પસાર થવાની રાહ જોતા નગરના ચોકમાં સંતાઈને ઊભા રહ્યા. થોડા સમયમાં શેઠ ત્યાંથી ઘોડાગાડીમાં નીકળ્યા. લોકો તેમનું અભિવાદન કરી રહ્યા હતા અને શેઠ તેઓને સામે એટલું જ કહેતા કે, 'હા, હું કહીશ.' રાજા અને મંત્રીએ આ જોયું, એટલે તેઓ બહાર આવીને શેઠની સામે આવીને ઊભા. શેઠે ઘોડાગાડી થંભાવી. રાજાએ શેઠને પૂછ્યું : સૌ કોઈને તમે બીજું કાંઈ ન કહેતાં 'હા, હું કહીશ' એમ કહો છો, તો કોને કહેવાની અને શું કહેવાની વાત કરો છો? આનો અર્થ શું છે? શેઠે રાજાને કહ્યું કે, એનો અર્થ કહીને સમજાવું કે પ્રત્યક્ષ કરીને સમજાવું? રાજા કહે કે પ્રત્યક્ષ કરીને સમજાવો. શેઠ રાજા અને મંત્રીને પોતાના ઘેર લઈ ગયા. ઘરે જઈ ચાવીનો ઝૂડો લીધો. ઘરમાં જે બે-ચાર તિજોરીઓ હતી તે ખોલીને બતાવી. તિજોરીઓ હીરા-ઝવેરાત, સોનારૂપાના દાગીના, રૂપિયાનાં બંડલોથી ભરેલી હતી. આ બધું બતાવીને શેઠે કહ્યું કે, હું જે લોકોને 'હા, હું કહીશ' એમ કહું છું તે બીજા કોઈને નહીં, પરંતુ આ મારી સંપત્તિથી ભરેલી તિજોરીઓને કહીશ એમ કહું છું. હવે તમે કાંઈ સમજ્યા? પછી કહે કે, તેઓ સૌ હાથ જોડીને મને અભિવાદન નથી કરતા, પરંતુ મારી પાસે જે આ

સંપત્તિ છે તેને અભિવાદન કરે છે. જ્યારે હું ગરીબ હતો ત્યારે આ લોકો જ મને નાથિયો કહીને બોલાવતા હતા, મારું અપમાન કરતા હતા, મને ધુતકારતા હતા, અને હવે મારી પાસે સંપત્તિ થઈ છે ત્યારે, તે સંપત્તિના કારણે મને નાથાલાલ શેઠ કહીને બોલાવે છે. મને હાથ જોડીને મારું અભિવાદન કરે છે. આમ કરવા પાછળ તેઓને મારી સંપત્તિમાંથી કાંઈક લાભ લેવાનો સ્વાર્થ છે.

તો, પરમાત્મા પાસે એટલું જ માગીએ કે જેમાં કુટુંબનું શાંતિથી, સારી રીતે ભરણ પોષણ થાય અને આંગણે આવેલ સંત કે અતિથિ આંગણેથી ભૂખ્યા જાય નહીં, તેનો પણ યોગ્ય રીતે આદરસત્કાર કરી શકાય. જો આપણી પાસે એટલું જ હોય, તો આપણી આગળપાછળ સ્વાર્થી, લાલચુ એવા લેભાગુઓ આંટા મારે નહીં. અને આવા લોકોને આપણે હા, હું કહીશ એમ કહેવું પડે નહીં. વળી, વધુપડતી સંપત્તિ સોનાની કેદ સમાન છે. અર્થાત્, આપણા માટે તે બંધનરૂપ, બોજારૂપ બની જાય છે. જેથી આપણાં સુખશાંતિ છીનવાઈ જાય છે. તેથી જ આપણને જરૂર છે તેટલું મળે, તો તેનાથી સંતોષ રાખવો જોઈએ, જેથી આપણે અને આપણું કુટુંબ સુખશાંતિપૂર્વક જીવી શકીએ. પરમાત્માની કૃપાથી આવી ઊંડી સમજણની વાતો-સત્સંગ સતત થાય છે કે જેને ધ્યાનપૂર્વક સાંભળી જીવનમાં ઉતારવાથી સુખ-શાંતિભર્યું જીવન જીવી શકાય. તમો સૌ આ સાંભળી તમારા પોતાના તથા પરિવારજનોના જીવનમાં પોતાની ક્ષમતા પ્રમાણે ઉતારી સુખશાંતિ પામી રહ્યા છો તે ખૂબ જ આનંદની વાત છે. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે, સૌ આવી વાતો- સત્સંગ વધુ ને વધુ સાંભળી પોતાના તથા પરિવારજનોના જીવનમાં ઉતારી વધુ ને વધુ સુખશાંતિ પામો.

ફરી ફરી સર્વેને વંદન - અભિનંદન - **આશિષ.**

સર્વેને જયનારાયણ-જય ઓમ્ ગુરુદેવ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

"મિચ્છામિ દુક્કડં" કહેવાથી ગુનો માફ થઈ શકે?

- યોગભિક્ષુ

કર્મોનાં ફળોને તો ભોગવીને જ ખપાવી શકાય - સમાપ્ત કરી શકાય. પુણ્યકર્મો હોય તો સુખ અને પાપકર્મો હોય તો દુઃખ ભોગવવું પડે. કર્મનો આવો અટલ-અફર નિયમ છે.

આપણે કોઈનો અપરાધ કરીએ અને પછી કહીએ કે, મિચ્છા મિ દુક્કડં- મને માફ કરો. આપણે તો માફી માગી પણ સામાએ "માફી આપી" એમ કહ્યું? આ તો આપણે માની લીધું કે, મેં માફી માગી એટલે મળી ગઈ! અને કદાચ સામેની વ્યક્તિ કહે કે, 'માફી આપી', તો તે તેણે દિલથી કહ્યું છે કે ખાલી દેખાદેખી કે સમાજમાં ખરાબ ન દેખાય તે માટે કે પોતાની ખૂબ ઉદારતાના પ્રદર્શન માટે કહ્યું છે? અને ધારી લઈએ કે, તેણે સાચા મનથી માફી આપી છે, તો તેથી કાંઈ કર્મનો નિયમ આપણને છોડી દેશે? કદી નહીં છોડે.

'ક્ષમા માંગું છું', અને 'ક્ષમા આપું છું' એમ કહેવા માત્રથી જો બધાયનું બધું જ ક્ષમા થઈ જતું હોય, તો સૌનો મોક્ષ થવામાં વાર કેટલી? ગુનો કરીને ક્ષમા માગવાથી ક્ષમા મળી જતી હોય, તો તેથી તો ગુનેગારને પ્રોત્સાહન ન મળે? માની લઈએ કે, ક્ષમા આપનારની ઉદારતાને કારણે તેનું પોતાનું કલ્યાણ થતું હશે, પરંતુ ક્ષમા માગીને માફી મેળવનાર તો ગુના કરવાનું ઉત્તેજન પામીને અકલ્યાણમાં જ ઘસડાય ને? આ રહસ્ય ખૂબ વિચારવા જેવું કહેવાય!

ખૂન કરીને ફાંસીની સજા પામેલ ગુનેગાર, સરકારની માફી માગે તેથી કાંઈ સરકાર તેને માફ કરી દે છે? કોઈ અપવાદ સિવાય કદી નહીં. આપણા ઘરમાં કોઈ ચોરી કરે તેને આપણે માફ કરી દઈએ તોપણ તે સરકારની

દૃષ્ટિએ-કાયદાની દૃષ્ટિએ ગુનેગાર ગણાય છે.

ધાર્મિક અને ઉદાર વ્યક્તિ પોતાના ગુનેગારને માફી આપી શકે છે પણ ધાર્મિક વ્યક્તિ દ્વારા ક્ષમા પામેલ ગુનેગાર પછી તો અધાર્મિક અને અનુદારતાનો અપરાધ કરવા પણ લલચાય છે અને ત્યારે તેનું આવી બને છે. 'કરડ્યા વિનાનો ફૂંફાડો' રાખવાથી, ગુનો કરવાના લાલચુને બચાવી શકવાની સંભાવના ખરી.

હિંસા-અહિંસા અને સ્થૂળ-સૂક્ષ્મ કર્મોના અટલ-અફર નિયમોનાં અટપટાં રહસ્યોને સમજવા માટે ખૂબ ચિંતન-મનન થવું ઘટે, કર્મોના ગહન નિયમો અને જગતની અગમ્ય રચના માટે નેતિ નેતિ જ કહેવું પડે. પણ, પુરુષાર્થ પાંગળો નથી, તેના દ્વારા જરૂર કાંઈક મેળવી શકાય છે.

"મારા અપરાધ ક્ષમા કરો" એમ કહેવાથી સામી વ્યક્તિએ આપણા અપરાધ ક્ષમા કરી દીધા કે નહીં તેની તો આપણને ખબર નથી, પરંતુ, 'હું તને ક્ષમા કરું છું' એમ કહેવાથી એ તો નક્કી થઈ જ ગયું કે, 'મેં તને ક્ષમા આપી દીધી, મારા તરફથી હવે તને બદલાનો ભય નથી. મારા અધિકારની વાત હતી એટલું તો હું કરી ચૂક્યો.' અને આટલું કરવું એ કાંઈ કમ ન કહેવાય. આટલું કરવું એ તો મોક્ષસીડીના પ્રથમ પગથિયે પગ મૂકવા બરાબર છે.

ક્ષમા આપ્યા સિવાય ક્ષમા માગવાનો અધિકાર પણ નથી. ક્ષમા આપવાની ઉમદા ભાવનામાં ઘણો ત્યાગ અને ઉદારતા રહેલાં છે અને આવી ઉદારતાનો જે દિવ્ય આનંદ તે તો જેણે માણ્યો હોય તે જ જાણે. તે આનંદ જ તેનું રોકડું ફળ છે. ક્ષમા માગવામાં સંપૂર્ણ માન-અભિમાન નિચોવી નાખવું પડે છે. પછી મન-મગજ એવું હળવું ફૂલ થઈ જાય છે કે, તેનો અલૌકિક સ્વાદ તો જેણે ચાખ્યો હોય તે જ જાણે! આ સ્વાદ એટલે જાણે આ જ જન્મમાં મોક્ષઝલકની અનુભૂતિ.

નિરભિમાનપણાનો ગુણ કેળવવા માટે ક્ષમા માંગવાની છે; પરંતુ, જો સાવધાન ન રહીએ તો, તે થકી જ અભિમાનમાં વૃદ્ધિ થાય અને પાખંડ પોષાય.

ઉદારતાનો ગુણ કેળવવા માટે ક્ષમા આપવાની છે. પણ, જો અસાવધાન રહીએ તો, તે થકી જ દંભનો દાવાનળ જાગે અને સદ્‌ગુણ સઘળા ભાગે.

સો રૂપિયા આપી શકું અને પાંચપચીસ રૂપિયા ન આપી શકું? અપરાધની માફી આપી શકું અને બીજી સહાયતા ન આપી શકું? જો બીજી સહાય ન આપી શકું, તો એનો મતલબ એ કે દંભ અને આત્મવંચનામાં ઘેરાઈ ગયો છું!

'હોજમાં સૌ દૂધનો જ લોટો રેડવાના છે, હું એક પાણીનો લોટો રેડીશ, તો ક્યાં ખબર પડવાની?' સૌએ એમ જ વિચાર્યું અને તેથી ખાલી હોજ દૂધના બદલે પાણીથી જ છલોછલ થઈ ગયો! પણ 'બીજા ભલે પાણી રેડે, મારે તો દૂધ જ રેડવું છે', એમ સૌ વિચારે તો હોજમાં દૂધ દેકા દે!

"બીજાઓ મને માફ કરે કે ન કરે, પણ મારે તો સૌને માફી આપવી જ છે" જો સૌ એવો નિર્ણય કરે તો માફી માંગ્યા વગર જ સૌના અપરાધ ક્ષમા થઈ જાય. પણ, વો દિન કહાં કિ મિયાં કે પૈરમેં જૂતિયાં?!

કહની મિસરી ખાંડ હૈ કરની તત્તા લોહ;
કહની કહે ઔર રહની રહે, ઐસા વિરલા કોક.

ક્ષમા આપવાનો અને માગવાનો વહેવાર તો મનુષ્યો સાથે થાય છે, પશુપક્ષીઓ અને અન્ય જીવજંતુઓ નથી તો માફી માગી શકતાં કે નથી તો માફી આપી શકતાં. મનુષ્યથી નિમ્ન કોટીના જીવો કે જેઓ માફી માગવાનું કે આપવાનું કાંઈ જ જાણતા-સમજતા નથી, પણ આવું બધું જાણવાનો દાવો કરનાર અને પોતાને અન્ય જીવજંતુઓથી ઉત્તમ સમજનાર મનુષ્ય પણ અન્ય જીવોને ક્ષમા બક્ષે છે? અને બક્ષે છે તો કેવી રીતે બક્ષે છે? અબોલ અનંત જીવોને ખૂબ સુખ-શાંતિ પહોંચાડીને જ તેમની ક્ષમા માગી શકાય અને તેમના ઋણમાંથી ઉઋણ થઈ શકાય. અબોલ જીવજંતુઓએ મનુષ્યની માફી માગવાનો કોઈ પ્રશ્ન જ નથી, કારણ કે તેમણે મનુષ્યને કાંઈ જ નુકસાન પહોંચાડ્યું નથી, મનુષ્યનો અપરાધ કરવાને તે શક્તિમાન જ નથી. તેથી કેવળ પર્યુષણ પર્વોમાં જ નહીં, પરંતુ જીવનભર તેમને સુખશાંતિ આપવાનો પ્રયત્ન કરીને તેમને પણ મિચ્છા મિ દુક્કડં આપીએ અને તે રીતે આપણું જ કલ્યાણ કરીએ.

સાધર્મિક એટલે સદ્‌ગુણોનો પૂજક, પ્રચારક અને પાલક. સદ્‌ગુણો-સદ્‌ભાવનાઓ કોઈ જાતિ, કોમ કે સંપ્રદાયના નથી, પણ તેનું જે પાલન કરે તેના છે. હું પાલન કરું છું તેથી તે સદ્‌ગુણ નહીં, પરંતુ તે સદ્‌ગુણ છે તેથી હું તેનું પાલન કરું છું એવી સમજ હોવી ઘટે.

સાધર્મિક જનોનો - સદ્‌ગુણી મનુષ્યોનો ખૂબ વધારો થાય એમ આપણે ઇચ્છીએ છીએ. તો તે માટે કેવળ સાધર્મિકોના જ સહાયક-હમદર્દ ન રહેતાં આપણી હમદર્દીનો-સહાયનો હાથ અસાધર્મિક ગણાતા તરફ પણ લંબાવીએ. આ, મિચ્છા મિ દુક્કડંનો જ અતિ સૂક્ષ્મ પ્રકાર છે અને સાધર્મિકોની વૃદ્ધિ કરવાનો અમોઘ ઉપાય છે.

"અમુક સદ્‌ગુણો તો અમારા જ, અમારા સંપ્રદાયના જ" એમ કહી સદ્‌ગુણોને કૂપમંડૂકતાના અંધારિયા ઓરડામાં ગૂંગળાવા ન મારીએ, એ રીતે તેના વિકાસને રૂંધી ન નાખીએ, તેના વિસ્તારને ચીમળાવી ન મારીએ, તેના ફળને કળી અવસ્થામાંથી જ છેદી ન નાખીએ, તો જ સાધર્મિકપણાનો વિકાસ શીઘ્ર સાધી શકાશે. સાધર્મિકપણાનો વિકાસ એટલે ઇચ્છીએ છીએ કે, તેથી બહુજનહિતાય-બહુજનસુખાયને પ્રાપ્ત કરી શકાય. સૌના સુખ સાથે જ આપણું સુખ પણ સંકળાયેલું છે તે રહસ્યને કોમ, સંપ્રદાય કે દેશકાળની વાડની આડમાં વિસરાવી ન દઈએ.

આવી સતત જાગૃતિ રાખનારને માટે તો બારે માસ પર્વ જ - પર્યુષણ પર્વ છે. પવિત્ર રહેવાની અને પવિત્ર કરવાની પ્રવીણતા જે પમાડે તે પર્વ. પર્વની આવી પવિત્ર વ્યાખ્યાને ઘૂંટીએ.

સ્વાધ્યાય કાર્યક્રમમાં પ.પૂ. ગુરુદેવના આશીર્વચન

સ્થળ : પ્રણવભાઈ શેખરભાઈ પટેલ-મણિનગર

તા. ૨૯-૦૧-૨૦૧૨ **સંકલન : ભાવેશભાઈ રાવલ**

સત્યધર્મ ગુરુદેવ કી જય...

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ, અને એમની જય તો જ આપણી જય.

ઉપસ્થિત સર્વે ભક્તજનોને વંદન-અભિનંદન-આશિષ. ભગવાનની દયાથી આ તમે સૌ સરસ લાભ લઈ રહ્યાં છો, લાભ આપવામાં પ્રણવભાઈ નિમિત્ત બન્યા છે. એમનું આખું કુટુંબ-શેખરભાઈનું આખું કુટુંબ ગુરુપ્રેમી, ગુરુપ્રેમ કેવો હોવો જોઈએ તેની પ્રેરણા એમના કુટુંબમાંથી મળે. શેખરભાઈ પોતે કેટલા મોટા હોદ્દા ઉપર હતા, પણ ગુરુજી પાસે તો એક સામાન્ય માણસ તરીકે જ બેસતા હતા. નીચે બેસી શકાય તેવી એમની પરિસ્થિતિ ન હતી ત્યારે પણ તે ખુરશી પર નહોતા બેસતા એટલીબધી મર્યાદા રાખતા હતા. આજે ઓગણત્રીસ તારીખની અમે પણ ખૂબ રાહ જોતા હતા. તમને સૌને મળવાની ખૂબ ઇચ્છા હતી, પણ આ ટાઢ ઓછી થઈ જ નહીં, અને શરીરમાં ટાઢ વાયા કરે તો બહાર નીકળીએ ને ટાઢ ચડી જાય, એટલે મનને રોકવું પડ્યું.

હર્ષ અને શોકના પ્રસંગો જીવનમાં આવે ને જાય, સુખમાં છકી ન જવું, દુઃખમાં હિંમત ના હારવી... તો આવીબધી વાતો તો તમે સૌ વર્ષોથી સાંભળો છો અને એનું યથાશક્તિ આચરણ કરી એનો પણ લાભ લો છો.

કહત કબીરા સુન મેરે ગુનિયા,
આપ મૂવા પીછે ડૂબ ગઈ દુનિયા.

કબીરા- અનુભવી સંત કહી રહ્યા છે કે, આપ મૂવા પીછે ડૂબ ગઈ દુનિયા. કોણ મર્યા તો કાંઈ ડૂબતી નથી. દુનિયા તો એવી ને એવી જ છે પણ જ્યારે આપણા શરીરની હાજરી ન હોય ત્યારે આપણા માટે એ દુનિયા બધી ડૂબી ગઈ છે... આપણે જીવનમાં અનુભવીએ છીએ કે, આપણી આગળના જે હતાં એ બધાંય પણ ચાલ્યાં ગયાં, આપણી ઉંમરના હતા એ પણ ચાલ્યા ગયા, આપણાથી આગળની ઉંમરના હતા એ પણ ચાલ્યા ગયા અને સૌને ચાલ્યા જવાનો નંબર તો આવવાનો જ છે. આ એક સનાતન સત્ય છે કે, જન્મ તેનું મૃત્યુ. જન્મ લીધા પછી કોઈ કાયમ રહેવાનું નથી એ આપણને આવા પ્રસંગોથી ચોક્કસ થાય છે. જો કાયમ જ રહેવાનું નથી અને જવાનું જ છે, તો ખોટાં કર્મો કરી અને મહેલાતો બાંધવાનો અર્થ શો? ખોટાં

કર્મોના ભોગ પણ આપણે જ ભોગવવાના છે. આપણા સુખના સૌ ભાગીદાર થશે; દુઃખમાં કોઈ ભાગીદાર નહીં થાય. થવું હોય તોય નહીં થઈ શકે. દુઃખનો સિદ્ધાંત-નિયમ જ એવો છે. એ તો આપણે એકે જ ભોગવવું પડે; અને કાયમ માટે રહેવાનું નથી, જવાનું નક્કી છે તો, શા માટે સાવધાન ન થઈ જઈએ? આવા સત્સંગ-સ્વાધ્યાયના પ્રસંગો આપણને ચેતવે છે, ગુરુસંતોની વાણી આપણને ચેતવે છે. ગુરુસંતોની વાણી આપણે સાંભળીએ, આપણા ઘરે તેમની પધરામણી કરાવીએ, એ બધું શા માટે કરીએ છીએ? એમની પાસેથી આપણને કંઈક પ્રાપ્ત થાય - બે સારા શબ્દો આપણને સાંભળવા મળે; આપણે ચેતી જઈએ - આપણે ઊંઘમાં ને ઊંઘમાં રહીએ છીએ તેમાંથી જાગી જઈએ. તો પ્રભુની-સંતોની કૃપા આપણા ઉપર ઊતરી જ છે કે, આવાં કાર્યો આપણા દ્વારા થઈ રહ્યાં છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે, ફરીફરીને-ફરીફરીને આવાં કાર્યો ઉપસ્થિત થાય અને અમે સૌ ખૂબ જ ઉત્સાહથી એમાં ભાગ લઈએ, ખૂબ જ ઊંચી વૃત્તિથી એમાં ભાગ લઈએ અને એમાં જે કાંઈ સાંભળ્યું હોય તેનો અમલ કરીએ અને મનુષ્ય જન્મને સાર્થક કરીએ.

જો મરણ એ જિંદગીની છે, અરે છેલ્લી દશા,
તો પરાર્થે અર્પવાને આ જીવન ના મોહ શા?

અનુભવીઓએ કેટલું સુંદર કહ્યું છે! જો આ મરણ જ છેલ્લી દશા હોય, શરીર છોડવાનું જ હોય તો સારા કામમાં કેમ ન દોડીએ? કેટલી ઉત્તમ વાત કરેલી છે, અને આપણું એ નક્કી તો થઈ જ ગયું, હા, શરીર તો છોડવાનું જ છે, એ તો કાયમ રહેવાનું જ નથી, તો શા માટે ખોટાં કર્મો કરીએ? પત્ની માટે -પતિ માટે - બાળકો માટે - મિત્રો માટે, કોના માટે ખોટાં કામ કરીએ? સૌ પોતપોતાનાં નસીબ લઈને આવ્યું છે, કોઈનું નસીબ આપણે બદલી શકવાના નથી. આપણે તો સલાહ આપીએ કે ખોટાં કર્મ ન કરીએ. એ એનાથી નક્કી થાય કે, જો મરણ એ જિંદગીની છે અરે છેલ્લી દશા, મૃત્યુ એ જ છેલ્લી સ્થિતિ, એ જ છેલ્લી દશા હોય, મૃત્યુ એ જ અંત હોય જીવનનો, તો આ જીવનના મોહ શા? પછી જીવનમાં મોહ ન રહેવો જોઈએ, આયુષ્ય હોય ત્યાં સુધી જીવીએ, પણ મોહપૂર્વક ન જીવીએ અને શક્ય હોય એટલા બીજાના કામમાં આવીએ. તો, પરાર્થે અર્પવા આજીવનના મોહ શા? બીજાને કાંઈ સત્કર્મ, બીજાને કાંઈ મદદ, બીજાના જે ઉપકાર કરવા માટે થઈને જરાયે કંજૂસાઈ ન કરીએ. વર્ષોથી આવીબધી વાતો તમે સૌ સાંભળો છો. સમજો છો, જીવનમાં ઉતારો છો અને આગળ વધવાનો પ્રયત્ન કરો છો તેથી અમને આનંદ છે. અમારે આ ચોર્યાસીમું વર્ષ ચાલી રહ્યું છે. શરીરની જે મર્યાદાઓ હોય તે પ્રમાણે શરીર કામ કરી રહ્યું છે, તોય ભગવાનની દયા છે કે, ખાઈ-પી, હરી-ફરી, ભગવાનનું ભજન કરીએ. આવાં કાર્યોમાં થોડો જે કોઈ યથાશક્તિ ફાળો અપાય તે આપીએ, તે બધું ભગવાનની દયાથી થઈ રહ્યું છે; બાકી આયુષ્ય ગમે તેટલું ટૂંકું હોય કે ગમે તેટલું લાંબું હોય, પણ આ જીવનના મોહ શા? મોહ વિનાનું જીવન જીવીએ. કોઈનામાં મોહ ન રાખીએ અને બધાંયમાં પ્રેમ રાખીએ. શેખરભાઈનું આખું કુટુંબ એટલુંબધું ગુરુમય છે કે, આવવાની એટલી બધી ઇચ્છા હતી, પણ **હરિ ઇચ્છા હિ કેવલમ્.** હરીફરીને ભગવાનને પ્રાર્થના કરીએ કે, અમને સત્કર્મમાં ખૂબખૂબ નિમિત્ત બનાવો-પરોપકારમાં નિમિત્ત બનાવો અને અમારા મનુષ્યજન્મને સાર્થક કરી શકીએ તેવી અમને શક્તિ-ભક્તિ અને મતિ આપો.

સત્યધર્મ ગુરુદેવ કી જય. ઓમ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર...

પંચમહાભૂતના શરીર મંદિરમાંના બોલતા ચાલતા પરમાત્માની વાત સમજાવે, એ ચેતનતત્ત્વની-ગુરુતત્ત્વની હાજરીમાત્રથી આ શરીરરૂપી મંદિરનું અસ્તિત્ત્વ છે એ વાત જે સમજાવે, શરીરની ગતિશીલતા જેના આધારે છે એ તત્ત્વની જે સમજણ આપે તે સદ્‌ગુરુ છે.

- યોગાભિક્ષુ

પુરુષોત્તમ માસ એટલે ઉત્તમ પુરુષ થવાનો માસ

- યોગભિક્ષુ

મંદિરે જાય ત્યારે ખોરી સોપારી,
પોતે સારી સારી ખાય,
અભાગણી પુરુષોત્તમ મહિનો નહાય !

શું પુરુષોત્તમ માસ આવી રીતે નાહવાનો ? પોતે સારું સારું ખાવુંપીવું, પહેરવું-ઓઢવું અને મંદિરના ભગવાનને અને કથા વાંચનાર મહારાજને ખોરુંખોરું ધરાવવાનું અને આપવાનું ? અન્યોને છેતરવામાં પોતે જ છેતરાઈએ છીએ તેવી ઉત્તમ સમજણ ઉત્તમ મહિનામાંય પ્રાપ્ત નહીં કરવાની ?

"પુરુષોત્તમ માસની કથા" નામે પુસ્તકમાં તો જાતભાતની ચિત્રવિચિત્ર વાતો કહેવાયેલી છે. પણ તે બધાયનો સાર છે : ઉત્તમ કાર્યો કરીને ઉત્તમ બનવાનો. નિર્ધારિત સમયે નિર્ધારિત પર્વો આવે છે. પુરુષોત્તમ માસ દર ત્રીજા વર્ષે આવે છે. આ માસને અધિક માસ પણ કહે છે. અધિક માસનો અર્થ જ એ છે કે, તે માસમાં કાંઈક અધિક - કાંઈક વિશિષ્ટ કાર્ય કરવું જોઈએ.

કોઈ પણ ભોગે સુખી થવા માટેની જે આંધળી દોટ મનુષ્યે મૂકી છે તેમાં "રુક જાવ અને આત્મનિરીક્ષણ કરો"ની બ્રેક પુરુષોત્તમ માસ લગાવે છે. દર ત્રણ વર્ષે આ માસ એ વિચારવાનો મોકો આપે છે કે, ઉત્તમ કાર્યો કરીને તમે ઉત્તમ કેટલા બન્યા ? માને એમ લાગે છે કે દીકરો મોટો થઈ રહ્યો છે, પણ દીકરો તો મૃત્યુ તરફ ધસી રહ્યો છે." તે કહેવત જેવું આપણું જીવન છે. આ જન્મે તો થોડું સુખ પ્રાપ્ત થયું છે, પણ આવતા જન્મે પણ સુખશાંતિ પ્રાપ્ત થાય એવું કાંઈ કર્યું ? કે પછી ધુમાડાને જ બાચકા ભરતા રહ્યા અને સમય પૂરો થઈ જવા આવ્યો ?

ભારતીય સંસ્કૃતિમાં યજ્ઞની ઘણી મોટી મહત્તા છે. યજ્ઞ એટલે અન્યો માટે કાંઈક ત્યાગવું. વધુમાં વધુ પ્રિય વસ્તુને ત્યાગવી તે ઘણો મોટો યજ્ઞ ગણાય છે. "ત્યાગને જ ભોગ સમજ" એ સૂત્ર ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે.

ગીતામાં કહ્યું છે કે, યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. જપયજ્ઞને આટલો શ્રેષ્ઠ શા માટે ગણ્યો હશે ? કારણ કે, જપયજ્ઞ સાવ સહેલો, સસ્તો અને બહુમૂલ્ય છે. અન્યો માટે શુભ ભાવના રાખવી કે વહાવવી તેને ઋષિઓ યજ્ઞ સમાન લેખે છે. મનુષ્ય વિચારે છે કે, હું તો સાવ ગરીબ છું, કઈ રીતે યજ્ઞ કરી શકું ? ગરીબ અને તવંગર સહુ કોઈ જપયજ્ઞ કરી શકે છે, જીવમાત્ર તરફ શુભ ભાવનાઓ વહાવી શકે છે.

શુભ ભાવનાઓનું, શબ્દોના માધ્યમથી રટણ કરવું તે જપયજ્ઞ કહેવાય છે. ઉપલક દૃષ્ટિએ, શુભ ભાવના રાખવાની વાત બહુ મહત્ત્વની નથી લાગતી, પણ સૂક્ષ્મ રીતે જોતાં તેની મહત્તા જરૂર સમજાય છે. **મનુષ્ય જેના સંગમાં સતત રહે છે, તેવો તે બને છે. મનુષ્ય વધુમાં વધુ પોતાના વિચારોના - પોતાની ભાવનાઓના સંગમાં રહે છે તેથી જેવું તેનું વિચારસાતત્ય હશે તેવો તે બનશે. પોતાની સારી-માઠી ભાવનાઓ પ્રમાણે પોતે તો બને જ છે, પરંતુ અન્યો ઉપર પણ તેની ઘણી જોરદાર અસર થતી હોય છે. કોઈની આપણે નિંદા-પ્રશંસા કરીએ તેની સારી-માઠી અસર તેના ઉપર જરૂર થાય છે. શબ્દશક્તિ અમોઘ છે.**

જેમની ભાવના ખરેખર જ યજ્ઞ કરવાની છે તેમના માટે અનેક મોકા છે, અને જેમને બહાનાં બતાવીને છટકી જવું છે તેમના માટે આખિર ધૂલ કી ધૂલ જ છે.

વર્તમાન કાળમાં પાણીની કેટલી હાડમારી છે ? પાણીની કાળજી માટે તંત્ર અનેક વખત સાવધાન કરે છે. પણ જાણે કોને કહે છે? આપણા નળ તો બેફામ ચાલુ. બાલટી છલકાઈને પાણી બહાર ધસમસી રહ્યું છે, આપણે બાજુમાં જ બેઠા છીએ, પણ નળને બંધ કરવા જેટલી પણ આળસ છોડતા નથી ! જ્યાં સુધી આપણા ગોળામાં પાણી છે ત્યાં સુધી પાણીની હાડમારીની વાત

આપણને સાચી જ ના લાગે તે કેટલું જડપણું કહેવાય ! આ જડપણું ના છૂટે તો પછી ભલેને ગમે તેટલા પુરુષોત્તમ મહિના નાહીએ એથી શું ? ઉત્તમ મહિનામાં આપણે કયું ઉત્તમપણું મેળવ્યું ? અરે ! આપણે ત્યાં નીકળતો એંઠવાડ કે શાકભાજી કે ફળાદિનાં છોતરાં પણ જો ભેગાં કરીને ઢોરને મોઢે જાય એવી વ્યવસ્થા કરીએ તોય સાવ મફતમાં જ કેટલાય જીવોને મરતા બચાવી શકીએ.

આવી ઉત્તમોત્તમ વાતોને પુરુષોત્તમ માસમાં આપણે કદી યાદ કરીએ છીએ ? પુરુષોત્તમ માસની સાચી કથા તો આવી વાતો છે. કેટલાબધા પુરુષોત્તમ માસ પસાર થઈ ગયા અને આપણાં વર્ષો પણ પસાર થઈ ગયાં, તોય ઉત્તમપણું પ્રાપ્ત ના થયું. હોશિયાર વ્યક્તિ દરેક માસને ઉત્તમ માસ બનાવી દે છે અને મારા જેવો જડભરત પુરુષ અનેક ઉત્તમ માસ નાહીને પણ જડભરત અને મળભરત જ રહે છે - અનુત્તમ પુરુષ જ રહે છે !

કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;
કહની કહે અને રહની રહે, ઐસા વિરલા કોક.

શિવરાત્રિ નિમિત્તે ઉમરેઠ ઓમ્ પરિવારે ઊજવેલ મહોત્સવ
પૂજ્ય ગુરુદેવશ્રીનાં આશીર્વચન

તા. ૨૬-૦૨-૨૦૧૨, રવિવાર — **સંકલન : શશિકાન્ત પટેલ**

દર વર્ષે મહા વદ તેરસના દિવસને સૌ કોઈ મહાશિવરાત્રિ પર્વ તરીકે મનાવે છે. આ મહાશિવરાત્રિ પર્વ પછીના પહેલા રવિવારે ઉમરેઠ ઓમ્‌પરિવાર ઉમરેઠ મુકામે પરમ ગુરુદેવ પરમાત્મા ઓમ્‌નારાયણ તથા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની કૃપા-આશિષથી સત્સંગ-ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઓમ્ પરિવારનાં ઘણાં ગુરુપ્રેમી ભાઈ-બહેનો તથા બીજા અનેક અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓ હર્ષોલ્લાસ સાથે સાત્ત્વિક આનંદનો લહાવો લૂંટવા ઉપસ્થિત થાય છે. સંતો-મહંતો પણ પ.પૂ. ગુરુદેવ પ્રત્યેના પ્રેમથી ખેંચાઈને આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈને આશીર્વાદ આપવા પધારી તે માટે પોતાને અહોભાગી માને છે, ધન્યતા અનુભવે છે. પ.પૂ. ગુરુદેવશ્રીની તબિયત, અવસ્થાને કારણે નરમ-ગરમ રહેતી હોવાથી પોતે પ્રત્યક્ષ ઉપસ્થિત રહી શકતા ન હોવાથી ટેલિફોન દ્વારા સૌ કોઈને અચૂક આશિષ પાઠવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશિવરાત્રિ પછીના રવિવારે તા. ૨૬-૦૨-૨૦૧૨ના રોજ ઉમરેઠ મુકામે કુસુમ હરનાથ મંદિરના પ્રાંગણમાં સત્સંગ-ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત થઈ સત્કર્મરૂપી સાત્ત્વિક, આધ્યાત્મિક લહાવો લૂંટવા આ વર્ષે પણ અમદાવાદ, વલસાડ, નવસારી, વડોદરા, ઠાસરા, ડાકોર તથા સાણંદ તાલુકાના ખાખરિયાટપ્પાનાં ગામોમાંથી ઓમ્‌પરિવારનાં ગુરુપ્રેમી ભાઈ-બહેનો તથા બીજા પણ ઘણા અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓ ઉત્સાહ અને ઉમંગભેર ઉપસ્થિત રહ્યા હતા. આશીર્વાદ આપવા સંતો પણ પધાર્યા હતા. પ.પૂ. ગુરુદેવશ્રીની તબિયત છેલ્લા કેટલાક દિવસથી અસ્વસ્થ હોવા છતાં ભક્તોના પ્રેમને વશ થઈ સાચી સમજણનાં પરમ કલ્યાણકારી આશીર્વચનની ટેલિફોન દ્વારા ઉપસ્થિત સૌ ઉપર કૃપા વરસાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન :

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઉપસ્થિત સર્વેને અમારાં વંદન-અભિનંદન-આશિષ.

પરમ કૃપાળુ ઓમ્‌પરમાત્માની અસીમ કૃપાથી

જીવનમાં સુખ શાંતિને પામવા માટે, કલ્યાણપથમાં આગળ વધવા માટે આવા સાત્ત્વિક, આધ્યાત્મિક કાર્યક્રમમાં પ્રેમપૂર્વક ઉપસ્થિત થઈ આપણે સૌ લહાવો લઈ રહ્યાં છીએ. સ્વયંસેવકોના નિઃસ્વાર્થ, અથાક પ્રયત્નથી આવા મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. તેની પાછળ તેઓનો એક જ ભાવ હોય છે કે, આવા સાત્ત્વિક કાર્યમાં સૌ સમજણપૂર્વક ઉપસ્થિત રહેવારૂપી સત્કર્મના ફળસ્વરૂપ જીવનમાં સાચાં સુખ-શાંતિ પામે. કદાચ, આપણે આર્થિક રીતે સક્ષમ ન હોઈએ, જેથી તેને અનુરૂપ સત્કર્મ ન કરી શકીએ તો કાંઈ નહીં. પરંતુ જો આવા કાર્યક્રમમાં નિષ્ઠાપૂર્વક ઉપસ્થિત રહેવારૂપી સત્કર્મ કરીશું તો તેનો લાભ અવશ્ય મળશે જ, જીવનમાં સાચાં સુખ-શાંતિને પમાશે જ. તમો સૌ આ વાતના મહત્ત્વને બરાબર સમજો છો, અને તેથી આ તો સત્કર્મ કરવાનો લહાવો પ્રાપ્ત થયો છે તેમ સમજી પ્રેમપૂર્વક ઉપસ્થિત રહો છો તે ઘણાં જ આનંદની વાત છે. વળી, જીવનમાં સત્કર્મરૂપી જે સાત્ત્વિક કાર્ય કરીએ તે સહજભાવે નિરભિમાનતાપૂર્વક થાય, તો જ તેનો સાચો લાભ પામી શકાય. સૌએ મનમાં આવો ભાવ દૃઢ કરવાનો છે કે, આપણી ઉપર પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા વરસી રહી છે તેથી જ આ બધું થઈ રહ્યું છે. બાકી, આપણે તો પામર જીવ છીએ તેથી સ્વતંત્ર રીતે તો કાંઈ જ કરવાને શક્તિમાન નથી. જીવનમાં આવો નિરભિમાનતાનો ભાવ કેળવવાનો છે. પરંતુ જે અજ્ઞાની છે તે અહંકારવશ એમ સમજે છે કે, મારા જીવનમાં જે કાંઈ બની રહ્યું છે, જે સુખસગવડની પ્રાપ્તિ થઈ છે તે તો મારી પોતાની આવડત, હોશિયારીને લીધે જ પ્રાપ્ત થયું છે. તે માટે મારે બીજાને જશ આપવાની કોઈ જ જરૂર નથી. આવા અજ્ઞાનીને– અહંકારીને એ ખબર નથી હોતી કે, અરે ભાઈ! અત્યારે તું જે કાંઈ સુખશાંતિ પામી રહ્યો છું તે તારી આવડત હોશિયારીને લીધે નહીં, પરંતુ તારાં પૂર્વેનાં સંચિત સત્કર્મોના ફળસ્વરૂપ પામી રહ્યો છે. એ પૂરાં થશે પછી તારી આવડત, હોશિયારી કાંઈ જ કામ નહીં આવે. તો, એ વાત ફરીફરીને સૌ કોઈએ દૃઢ કરી લેવાની છે કે, જીવનમાં કોઈપણ સત્કર્મ અહંકારરહિત, પ્રેમપૂર્વક સહજભાવે કરવામાં આવે તો તેના ફળસ્વરૂપ જીવનમાં વહેલામોડા અવશ્ય સુખશાંતિની પ્રાપ્તિ થશે. પરંતુ, જો અહંકારયુક્ત, વેઠપૂર્વક કરીશું તો તેનું ફળ ક્યારેય પ્રાપ્ત થશે નહીં. આપણું જીવન મધદરિયે હલેસાં વગરની હોડી જેવું જ વીતશે. તો પછી આપણે એમ વિચારીએ કે, મેં જીવનમાં આટલુંબધું કર્યું, પણ મને સુખ-શાંતિ મળ્યાં નહીં તો તે આપણી અજ્ઞાનતા છે, અણસમજ છે. માટે જ કહ્યું છે કે...

"માનવ જાણે મેં કર્યું, કરતલ બીજો કોઈ;
આદર્યા અધૂરાં રહે, હરિ કરે સો હોય."

જીવનમાં સુખશાંતિ પામવા માટેની અતિઉપયોગી કલ્યાણકારી સાચી સમજણની જીવનપાથેય વાતો, આવા પ્રસંગે ગુરુસંતોની, પૂજ્ય જનોની, વડીલજનોની હાજરીમાં, પરમાત્માની કૃપાથી, સત્સંગના માધ્યમ દ્વારા થાય છે તેને બરાબર એકધ્યાનથી સાંભળી, સમજી, દૃઢ કરી જીવનમાં ઉતારવાની છે. તે મુજબ જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો છે. જેથી જીવનમાં સાચાં સુખ-શાંતિ પામી શકાય. આમ, જીવનમાં સત્સંગની ઘણી જ મહત્તા છે. તુલસીદાસજીએ સત્સંગનો મહિમા સમજાવતાં કહ્યું છે કે –

"સાત સ્વર્ગ અપવર્ગ સુખ, ધરી એક તુલા અંગ;
તુલસી તાહી સકલ મીલી, તુલે ન લવ સત્સંગ"

તુલસીદાસજીએ શું કહ્યું છે? સાત સ્વર્ગનું સુખ અને વળી મોક્ષનું સુખ એ બધાં જ ભેગાં કરી ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં એક પલ માટે, ક્ષણ માટેના થયેલ સત્સંગથી પ્રાપ્ત થતું સુખ મૂકવામાં આવે, તો સત્સંગથી મળતું સુખ જે પલ્લામાં મૂકવામાં આવે છે તે પલ્લું નમી જાય છે. અર્થાત્, સત્સંગથી પ્રાપ્ત થતું સુખ વધી જાય છે. તુલસીદાસજીએ આવો મોટો મહિમા સત્સંગનો જણાવ્યો છે. ઓમ્‌પરિવારના ઉપક્રમે જ્યાં પણ કાર્યક્રમની ઉજવણી થાય છે ત્યાં અમૂલ્ય સાચી સમજણનો સત્સંગ થાય છે. તમો સૌ તેમાં પ્રેમથી ઉપસ્થિત રહો છો અને તેને ધ્યાનપૂર્વક સાંભળો છો અને જીવનમાં ઉતારી મનુષ્યજીવન સાર્થક કરવાનો પ્રયત્ન કરો છો તે આનંદની વાત છે. બાકી, જીવન તો પશુપક્ષી પણ જીવે છે. અવારનવાર વાત સમજાવવામાં આવે છે કે, મુખ્ય ત્રણ

યોનિ છે : મનુષ્યયોનિ, પશુયોનિ અને પક્ષીયોનિ. આ ત્રણેય યોનિમાં ભય, મૈથુન, આહાર અને નિદ્રારૂપી કાર્યો સમાન રીતે થતાં હોય છે. છતાં, આ ત્રણેય યોનિમાં મનુષ્યયોનિને શ્રેષ્ઠ કહી છે. કેમકે, મનુષ્ય યોનિમાં સાધન-ભજન-સત્સંગ કરી શકાય છે, જે બાકીની બે યોનિમાં કરી શકાતાં નથી. તો, પરમાત્માની અહૈતુકી કૃપા થકી આપણને મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો મનુષ્ય જન્મની સાર્થકતા માટે થઈને જીવનમાં સાધન-ભજન ન કરી શકીએ, સત્સંગરૂપી જ્ઞાનગંગાનું પાન ન કરી શકીએ, કલ્યાણપથમાં આગળ વધવાનો પ્રયત્ન ન કરી શકીએ અને પશુપક્ષીની જેમ ભય, મૈથુન, આહાર અને નિદ્રાનાં ક્ષુલ્લક કાર્યોમાં જ જીવન વ્યતીત કરીએ તો આપણામાં અને પશુ પક્ષીમાં ફેર શો? આપણે પણ પશુ સમાન જ કહેવાઈએ. અનંત જન્મોનાં સંચિત સત્કર્મોના ફળસ્વરૂપ પરમકૃપાળુ પરમાત્માની કૃપા થકી આપણને મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો તેનો સમજણપૂર્વક સદુપયોગ કરી કલ્યાણપથમાં આગળ વધવા સતત પ્રયત્ન કરતા રહીએ, તે માટે થઈને આવા સત્સંગના કાર્યક્રમનું આયોજન કરતા રહીએ અથવા તેમાં અચૂક પ્રેમપૂર્વક ઉપસ્થિત રહી જીવનમાં સત્કર્મનું ભાથું બાંધીએ. પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, આવો લહાવો જીવનમાં ફરી ફરીને આપે.

સર્વેને જયનારાયણ, જય ઓમ્‌ગુરુદેવ.

સત્-ધર્મ ગુરુદેવની જય.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર...

પુણ્યદાન કરવા છતાં પણ, જો દુઃખ ન ટળે તો તે બધું શા માટે કરવું?

- યોગભિક્ષુજી

એક મિત્રના અવસાન નિમિત્તે સત્સંગ અર્થે તેમના ઘેર જવાનું થયું. સત્સંગ દરમિયાન અમેરિકાથી આવેલા તેમના ભાઈએ એક સુંદર પ્રશ્ન કર્યો કે –

ઘરનાં સૌ સભ્યો આપસમાં એવી શંકા-કુશંકાઓ કર્યા કરે છે કે, "આપણે ખૂબ દાન-ધર્મ-પુણ્ય-યજ્ઞ-કથા વગેરે કરતા રહ્યાં છતાંય આપણા ઉપર આવું મોટું દુઃખ આવી પડ્યું? તો, પુણ્ય-દાન વગેરે શા માટે કરવાં?" તો આ બાબતમાં આપ કાંઈ ખુલાસો કરો તો સારું.

ઉપરોક્ત પ્રશ્ન સાંભળીને અમને ખૂબ આનંદ થયો. અમે તો વગર પૂછ્યે પણ આવું કાંઈક ચર્ચવા ઇચ્છતા જ હતા, પણ ત્યાં તો સામેથી પ્રશ્ન થયો. પ્રશ્ન પૂછ્યા પછી તેનો ઉત્તર સાંભળવા મનુષ્યો વધુ ધ્યાન આપે છે - તેને વધુ ધ્યાન આપવું પડતું હોય છે. કદાચ ધ્યાન ન આપે તોય ઉત્તર પૂરો થાય ત્યાં સુધી પ્રશ્નકર્તાને શરમેભરમે પણ બેસી રહેવું પડે છે. પરંતુ, અહીં તો પ્રશ્ન ખૂબ જિજ્ઞાસાપૂર્વક થયો હતો, તેથી અમારે તો જોઈતું હતું ને વૈદ્યે બતાવ્યા જેવું થયું હતું, તેથી અમે ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો.

દુનિયાના મોટામાં મોટા ગણાતા ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો કે જેઓ ધાર્મિક-આધ્યત્મિક વિધિવિધાનોમાં બિલકુલ નથી માનતા હોતા અને ભૌતિક વિજ્ઞાનયુક્ત બધા જ ઉપચારો કરતા હોય છે તેઓ શું મૃત્યુ, જરા અને રોગને દૂર રાખી શકે છે? આપણે ભાઈ માટે દવાઓ કરવામાં ક્યાં પાછું વાળીને જોયું હતું? એક પણ પથી અજમાવ્યા વિના નહોતી છોડી. તોય તેઓ ન બચી શક્યા! તો શું હવે આપણે એમ કહીશું કે, આટઆટલા આધુનિક, ભૌતિક અને ડૉક્ટરી ઉપચારો કરવા છતાં ભાઈ ન બચી શક્યા, તો હવે આપણે એ બધા ઉપચારો શા માટે કરવા? આપણે દવા વગેરે બધા જ ઉપચારો કરતા જ રહીએ છીએ ને? તો પછી ધાર્મિક વિધિઓ માટે જ આવી શંકાઓ કરવી તે અજ્ઞાનતા કહેવાય.

મનુષ્યને જે વખતે જે સાચું લાગે છે તે વખતે, તે કરવા તૈયાર થઈ જાય છે, એમ છતાં એ જ પ્રકારની માન્યતા આખી જિંદગી સુધી રહેતી પણ નથી. દેશ, કાળ અને અનુભવ પ્રમાણે આપણી માન્યતા અને ધારણાઓમાં

પણ ફેરબદલો થતો જ રહે છે.

હાલની ધાર્મિક-આધ્યાત્મિક માન્યતાઓ અને વિધિઓને મૂકી દેવા હું પોતે જ તૈયાર થઈને બેઠો છું, પણ એથી વધુ સારું અને વધુ ખાતરીવાળું કાંઈ પ્રાપ્ત થાય ત્યારે ને? દુનિયાભરના મોટામાં મોટા વૈજ્ઞાનિકો તથા સુખશાંતિની ભૌતિક સામગ્રીના શોધકો પણ, સામાન્ય મનુષ્યની જેમ જ જરા, વ્યાધિ અને મૃત્યુથી ઘેરાયેલા જ હોય છે ને? વધુ સારું મળે નહીં ત્યાં સુધી, આપણી પાસેનું થોડું સારું હોય તેને કાંઈ ફેંકી દેવાય? કહે છે ને કે બીજાનો બંગલો જોઈને આપણું ઝૂંપડું બાળી ન દેવાય. પણ, અહીં તો કોઈ પાસે બંગલો છે જ ક્યાં? સૌ પાસે ઝૂંપડું જ છે. પણ, બીજાના ઝૂંપડાને આપણે બંગલો માની બેઠા હોઈએ તો એ મૂર્ખામીમાંથી જેટલા વહેલા છુટાય તેટલું વહેલું સમાધાન-સુખ.

મૃત્યુ દુઃખના ઘાવને પણ ઓછા કરે એવું ઇન્જેક્શન કે દવા તો હજુ શોધાયાં નથી, અને જે ભયંકર આઘાતને કાંઈક રુઝાવે એવી આધ્યાત્મિક વિચારસરણીની મલમપટ્ટી આપણી પાસે છે તેને પણ જો ફેંકી દઈએ તો આપણું શું થાય? હાર્ટએટેક જ આવે ને?

મૃત્યુ પછી ધાર્મિક, વ્યાવહારિક વગેરે કરાતા બધા રીતરિવાજો એટલા માટે જ ગોઠવાયા છે કે તેથી ખૂબ પ્રવૃત્તિમય રહેવાથી દુઃખના વિચારોને કંઈક વિસારી શકાય. જ્યારે આપણા ઉપર દુઃખના બારે મેઘ તૂટી પડે છે ત્યારે પોક મૂકીને રડવાનું મન થઈ આવે છે, અને એમ કરવાથી દુઃખ કાંઈક હળવું પણ થાય છે. પરંતુ, એ રડવાની ક્રિયા એવી છે કે તેથી હૃદયને ખૂબ નુકસાન પહોંચે છે અને ક્યારેક તો રડતાં રડતાં જ માણસ ખલાસ થઈ જાય છે. તેથી રડવાથી મળતી હળવાશનો લાભ મળે, અને તેનાથી થતું નુકસાન ન થાય તે માટેનો ઉપાય છે વાચિક જપ. જોરજોરથી બોલીને મંત્રજાપ કરવાથી દુઃખનો આઘાત ઓસરવા લાગે છે. મૃત્યુના મહાઆઘાતથી હૃદય જ્યારે પૂર્ણ ભરાઈ ગયું હોય ત્યારે, જોરજોરથી કરેલા વાચિક જપથી હૃદય હળવાશ અનુભવે છે, તેથી મૃત્યુ પ્રસંગે સૌએ સાથે મળીને ખૂબ પ્રેમથી વાચિક મંત્રજાપ કરવા જોઈએ.

ઋષિમુનિઓએ ખૂબ ચિંતન-મનન અને નિદિધ્યાસન કરીને બક્ષેલા દિવ્ય-આધ્યાત્મિક ઉપાયો અનેક રીતે લાભદાયક જ હોય. કલિયુગી અને કલમયુગી આજના માણસ કરતાં તપ, ત્યાગ અને સંયમવાળાનું પ્રદાન સત્ત્વ-તત્ત્વમય જ હોય. માટે જ્યાં સુધી રોગ, જરા અને મૃત્યુને દૂર રાખનારી જડીબુટ્ટી આપણા હાથમાં ન આવે, ત્યાં સુધી તો હાલમાં જે અનેક રીતે દુઃખ વિસરવાના ઉપાયો આપણે કરીએ છીએ તે બરાબર જ છે.

ભાઈ હતા ત્યાં સુધી તો તેઓ તેમના આશ્રયે રહેલા સૌની જવાબદારી સંભાળતા હતા. હવે તેમની-તેમના શરીરની ગેરહાજરીમાં તેમના સદ્‌ગુણોને યાદ કરી-કરીને આપણે આશ્રયે રહેલાં સૌની જવાબદારી આપણે સંભાળીને ભાઈને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ. જો તેમને સંભાળી સંભાળીને રોકકળ જ કર્યા કરીશું, તો આપણને પણ હાર્ટએટેક જ આવશે અને તેથી આપણે અત્યારે ભાઈ વિના જેવા નોધારા બની ગયા છીએ તેવા નોધારા, આપણે આશરે રહેલા સૌ થઈ જશે.

આવા દુઃખદ પ્રસંગે તમોને આવી શંકાઓ થવી અસ્વાભાવિક ન કહેવાય. આવા મરણતોલ દુઃખના ફટકાથી ભલભલા આસ્તિકો પણ નાસ્તિકતા તરફ દોટ મૂકવા પ્રેરાય છે. પણ, આ પણ જીવનસાધનાની એક ભૂમિકા અને જીવનમાં પ્રાપ્ત કરેલી સાચી સમજણની કસોટી છે. સાચો જિજ્ઞાસુ આખરે બધી કસોટીમાંથી સાચા સુવર્ણરૂપે ઝળકી ઊઠે છે.

એક માતા પોતાના પુત્રના શબને લઈને ભગવાન બુદ્ધ પાસે આવી, ને કહેવા લાગી કે, આ મારા પુત્રને આપ જીવાડી દો. ત્યારે ભગવાન બુદ્ધે તેને કહ્યું કે, તું થોડા સરસવ લઈ આવ. પણ સરસવ તેવા ઘરેથી લાવજે કે, જ્યાં આજ સુધી કોઈ મર્યું ન હોય. મા બિચારી આખા ગામમાં ફરી આવી, પરંતુ બધાંના ત્યાં કોઈ ને કોઈ મર્યું જ હતું, તેથી તે પાછી આવી. આવી યુક્તિથી બુદ્ધે તેને એ સનાતન સત્ય સમજાવી દીધું કે મૃત્યુ અવશ્ય છે. વળી -

મૃત્યુ પછીની અવસ્થામાં સુખ નહીં હોય તેની પણ શી ખાતરી? પણ, આપણને તો આપણો સ્વાર્થ રડાવે છે. મરનારામાં આપણો જેટલો સ્વાર્થ વધુ, એટલું દુઃખ વધુ. પણ આપણે પણ ક્યાં સદાકાળ રહેવાનું છે? અને જે

મરવાનું છે તે તો શરીર; શરીરના પંચમહાભૂતનું, પંચમહાભૂતમાં વિસર્જન. આત્મા તો અમર મનાય છે. પણ -

આવી બધી તત્ત્વજ્ઞાનની વાતો આપણા ગળે ન ઊતરે તો કાંઈ નહીં. આપણે દુઃખમાંથી અતિશીઘ્ર મુક્ત થવા તો ઇચ્છીએ છીએ ને? તો આપણને જ્યારે જે ઉપાય સાચો લાગતો હોય તે કરીને અથવા આપણને જેમનામાં શ્રદ્ધા હોય તેવા શ્રદ્ધેયના માર્ગદર્શન મુજબ વર્તીને જલદી દુઃખમુક્ત થઈ જવાનો પ્રયત્ન કરવો.

જેણે પણ શરીર ધારણ કર્યું છે તેનું મૃત્યુ અવશ્ય છે પછી ભલે તે ભગવાનનો અવતાર ગણાતા હોય!

ટ્રસ્ટ, ટ્રસ્ટીઓ અને આધ્યાત્મિક વડા

- યોગભિક્ષુ

ટ્રસ્ટનો આત્મા તેના ટ્રસ્ટીઓ છે. આધ્યાત્મિક ટ્રસ્ટની સફળતા-સાર્થકતા શાના પર છે? લોકો તેને વિશ્વાસની નજરે, સન્માનની નજરે, પ્રતિષ્ઠાની નજરે જુએ તે પર, નહીં કે તેની પાસે કેટલા રૂપિયા છે તે પર. તેની પાસે સ્થૂળ સંપત્તિ કેટલી છે તે વાત તો બીજા કે ત્રીજા નંબરે આવી શકે...

ઉપરોક્ત પ્રકારનું ટ્રસ્ટ ત્યારે જ બની શકે કે જ્યારે તેના ટ્રસ્ટીઓ તે પ્રકારના હોય, અર્થાત્ આંતરિક-આધ્યાત્મિક સૂઝબૂઝવાળા હોય અને બાહ્ય રીતે પણ સરળ, સાધુસ્વભાવવાળા અને સાદાઈયુક્ત હોય; આંતરિક સત્ત્વસંપત્તિ તથા બુદ્ધિચાતુર્યથી ભરપૂર હોય, છતાં ધીર-ગંભીર હોય. છીછરાપણું કે આછકલાપણું તો તેમનામાંથી ગોત્યું પણ ન મળે.

ટ્રસ્ટીઓથી ટ્રસ્ટનું કોઈ અલગ અસ્તિત્વ જ નથી. જેમ દેશ એટલે દેશની જનતા તેમ 'ટ્રસ્ટ એટલે તેના ટ્રસ્ટીઓ.' સાચા ટ્રસ્ટીઓને તો પોતાના કલ્યાણ માટે કોઈ બીજી અલગ સાધના કરવાની પણ જરૂરત નથી રહેતી. સદાસર્વદા ટ્રસ્ટના સદ્ઉદ્દેશ્યો પૂરા કરવામાં, તે ઉદ્દેશ્યો સાથે અને માટે તેમનું મન એટલું બધું મળેલું રહે છે, તેમનું તન એટલું બધું તન્મય રહે છે, તેમનું ધન એટલું બધું ધસમસતું રહે છે કે પછી તેમનાં તન-મન-ધનનો દુરુપયોગ થવાનો કોઈ અવકાશ જ નથી રહેતો - કોઈ સંભવ જ નથી હોતો. ધન્ય છે આવા ટ્રસ્ટીઓને! તેમના પર સદા ઓમ્ભગવાનની આશિષ વરસી રહી છે.

આધ્યાત્મિક વડા તો છત્રછાયા બરાબર છે. તેમને પ્રેરણામૂર્તિ બનાવીને આધ્યાત્મિક રણમેદાનમાં અથક અને અણનમ રીતે ઝૂઝી શકાય છે. જેમ પુત્રો મોટા થઈ ગયા પછી પોતાની જવાબદારી, વ્યવહાર, કારોબાર વગેરે પોતે સંભાળતા હોય છે, તેમને તે માટે પિતાની સીધેસીધી મદદની કે મંજૂરીની આવશ્યકતા નથી હોતી; છતાં પિતાની છત્રછાયા અને હૂંફથી પુત્રો શ્રદ્ધાયુક્ત થઈને ઉત્સાહપૂર્વક પોતાની જવાબદારીઓ નિભાવ્યે જતા હોય છે. પિતા પણ શ્રદ્ધા-પ્રેમપૂર્વક સૌ ઉપર હૂંફ વરસાવતા હોય છે. પિતાને પુત્રોનાં કરેલાં કાર્યો, જવાબદારીઓ, આવકજાવક વગેરેની ઝીણી ઝીણી બાબતોમાં માથું મારવાની ઇચ્છાયે નથી હોતી, કે જરૂરતે નથી જણાતી અને વળી, જો મારા જેવો કોઈ અભણ પિતા હોય તો પુત્રો આવકજાવકના આંકડા રજૂ કરે છે તોપણ તેને કાંઈ ખબર પડતી નથી.

પિતાના એ પ્રયત્ન સતત ચાલુ જ હોય છે કે પુત્રોમાં જે કાંઈ કમી હોય તે પૂર્ણ થાય અને તેઓ વધુમાં વધુ આદર્શ બને. પુત્રોને ખબર પણ ના પડે તે રીતે પિતા પોતાનું આ કાર્ય કરતા હોય છે. પરંતુ, પિતાનું મુખ્ય કામ તો તે હોય છે કે, પોતાની સતત હૂંફ આપીને પુત્રોમાંથી અનાથપણાનો ભાવ કાઢી નાખીને સનાથપણાનો ભાવ ભરી દેવો.

આધ્યાત્મિક વડા પણ આવું જ કાર્ય કરતા હોય છે.

ગુરુપૂર્ણિમાની પ્રસાદી

- યોગભિક્ષુ

તેઓ જ આપણા ગુરુ

પુત્ર કહે : પિતાજી! આપ ગુરુમહત્તાની ખૂબ વાતો કરો છો અને ગુરુ હોવા જ જોઈએ એવો આગ્રહ પણ ખૂબ રાખો છો, પણ કાલે જ અમારી કૉલેજમાં હિમાલયના એક સંતનું પ્રવચન હતું. તેઓ તો કહેતા કે, "ગુરુ કરવાની કાંઈ જ જરૂરત નથી. થોડા અંતર્મુખ થઈને ચિંતન-મનન કરવાથી યોગ્ય માર્ગદર્શન અંતરમાંથી મળી જતું હોય છે."

પિતાજી કહે : "ગુરુની જરૂરત નથી..." વગેરે વાતો આપણને અન્ય પાસેથી, હિમાલયના સંત પાસેથી જાણવા મળીને? તેથી તેઓ પણ આપણા ગુરુ. દત્તાત્રેયને ચોવીસ ગુરુઓ હતા તેનું રહસ્ય પણ ખૂબ ઊંડાણપૂર્વક સમજવું જરૂરી છે. આપણી સંસ્કૃતિમાં ગુણગ્રાહકપણાની જબરજસ્ત મહત્તા છે. તે દર્શાવવા જૂની કહેવત છે કે "કાંટો કાઢનારાનો પણ ગુણ કેમ ભુલાય?" અસ્તુ.

આપણી લઘુતાને ટાળીને આપણી ગુરુતામાં વૃદ્ધિ કરનાર સૌ કોઈને આપણે ગુરુનું સ્થાન આપીએ છીએ. આપણા ચાલુ વ્યાવહારિક જીવનમાં પણ એ પ્રથા અપનાવાઈ ચૂકેલી છે. ભલે માનનીય વ્યક્તિઓને ગુરુનું સંબોધન નથી કરતા, છતાં તેમને કોઈને સાહેબ, કે માસ્તર કે બોસ કે વડીલ-મુરબ્બી કે શ્રદ્ધેય-પૂજનિક વગેરે જેવાં સંબોધનો દ્વારા, તેવા ઉમદા ભાવોના આરોપણ દ્વારા ગુરુપ્રથાને જ સમર્થન આપતા હોઈએ છીએ.

●●●

ગુરુ બાદ, તો આપણે બાદ

આપણે જે કાંઈ મેળવ્યું છે, મેળવી રહ્યા છીએ અને મેળવીશું તે બધું જ જાણ્યે-અજાણ્યે અન્યો પાસેથી જ મેળવી રહ્યા છીએ. અન્યો પણ જાણ્યે-અજાણ્યે આપણને સતત કાંઈક આપતા જ રહ્યા છે.

જન્મ થયો ત્યારે તો સંપૂર્ણ દિગંબર અવસ્થામાં હતા. માતાપિતાએ તથા અન્ય સગાંસ્નેહીઓએ આપણને મોટા થવામાં ખૂબ સહાય કરી. વૈદ્ય-ડૉક્ટરોએ ખૂબ સહાય કરી, દરજી-મોચીએ કપડાં-બુટ બનાવી આપ્યાં, શિક્ષકો-પ્રોફેસરોએ ગુજરાતી-અંગ્રેજી ભાષા શીખવી, અનેક વિષયમાં નિષ્ણાત કર્યા. સૌની પાસેથી મેળવેલું સૌને પાછું આપી દઈએ, તો પાછા દિગંબર અવસ્થામાં આવી જવાય. અને દિગંબર શરીર પણ માતાપિતાનું આપેલું છે તે પણ તેમને પાછું આપી દઈએ એટલે શરીર પણ ન રહ્યું. આમ અન્યોની સહાયને - ગુરુપ્રથાને માન્ય ન રાખીએ, તેને બાદ કરી નાખીએ તો આપણે જ બાદ થઈ જઈએ.

●●●

ગુરુપૂર્ણિમા એટલે?

બચપણથી બુઢાપા સુધી, જીવનથી મૃત્યુ સુધી જાણ્યે-અજાણ્યે જેણે જેણે આપણને સહાય કરી છે તે સર્વેના ગુણપ્રદાનનો સ્વીકાર કરવાનો, તેમના ઋણનો સ્વીકાર કરવાનો જે દિવસ નક્કી કરવામાં આવ્યો તે જ ગુરુપૂર્ણિમાનો દિવસ.

ગુરુપૂર્ણિમા એટલે અન્યોની સહાયનો નિખાલસ ભાવે, જાહેરમાં સ્વીકાર કરવાનો સામૂહિક દિવસ; અન્યોના ગુણને ગાવા-બિરદાવવાનો દિવસ. પોતાના સ્વભાવની ઉદારતા વ્યક્ત કરવાનો લહાવો લેવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમ.

કોઈ પાસેથી તેની વસ્તુ થોડી મિનિટો માટે વાપરવા લઈએ છીએ તોપણ તેને થેંક્યુ કહીએ છીએ, તો શું, જેઓ જિંદગીભર પોતાના વ્યક્તિગત સુખનો ભોગ આપીને આપણા કલ્યાણ માટે મથતા રહ્યા તેમને કાંઈ જ નહીં કહેવાનું? જરૂર કહેવાનું. તેમને તો કોઈ પણ પ્રકારના બદલાની ઇચ્છા નથી. આ તો આપણે આપણા મનના સમાધાન માટે, આપણા હૃદયનો બોજ ઓછો કરવા માટે થેંક્યુ કહેવાનું છે. પણ આ થેંક્યુનો પ્રકાર કેવો છે? બસ! બે ફૂલ ચઢાવીને, બે હાથ જોડીને મસ્તક નમાવવાનું છે. આ આધ્યાત્મિક થેંક્યુનો પ્રકાર છે અને તેના માટે દિવસ છે : ગુરુપૂર્ણિમા. અસ્તુ.

ઓછી સમજણના કારણે ગુરુપ્રથાનું મંડન કરવામાં અતિશયોક્તિ થઈ જતી હોય છે અથવા ગુરુપ્રથાનું ખંડન કરવામાં અતિશયોક્તિ થઈ જતી હોય છે. બંને પ્રકારની અતિશયોક્તિથી બચીએ તો સાચો લાભ મેળવી શકીએ. બંને પ્રકારની અતિશયોક્તિ કરવાવાળા જાણ્યે-અજાણ્યે પોતાને તથા સમાજને નુકસાન પહોંચાડતા હોય છે.

પરમ કૃપાળુ પરમાત્મા આપણા સૌ ઉપર અહૈતુકી કૃપા વરસાવે એ જ તેમને પ્રાર્થના.

ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના પ્રકાશન

૩/બ, પ્લિયડનગર સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૧૩.

		રૂ. પૈસા
ગુજરાતી		
૧.	ગુરુમહિમા (યોગરહસ્યોધ્ધાર ભરપૂર) (બીજી આવૃત્તિ)	૫૫.૦૦
૨.	મુક્તા (પાતંજલ યોગદર્શન -સમાધિપાદ) (બીજી આવૃત્તિ)	૩૮.૦૦
૩.	શાંતા (પાતંજલ યોગદર્શન- સાધન પાદ) (બીજી આવૃત્તિ)	૬૦.૦૦
૪.	મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિ) (બીજી આવૃત્તિ)	૧૬.૦૦
૫.	ઈશ્વરની ઓળખ (ઈશ્વર કોને કહી શકાય?) (ત્રીજી આવૃત્તિ)	૦૮.૦૦
૬.	મંત્રવિજ્ઞાન અને ધ્યાન (બીજી આવૃત્તિ)	૩૦.૦૦
૭.	સત્સંગ-પરાગ	૦૨.૦૦
૮.	નિર્ઝર ઝરા કો ગેબસે (વિશ્વ અશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત)	૧૫.૦૦
૯.	કિસકો લાગું પાય? (ત્રીજી આવૃત્તિ)	૦૫.૦૦
૧૦.	સ્વાધ્યાય (ત્રીજી આવૃત્તિ)	૧૦.૦૦
૧૧.	મારે સમાજને બેઠો કરવો છે (ત્રીજી આવૃત્તિ)	૨૫.૦૦
૧૨.	પ્રેરણાસિંધુ (બીજી આવૃત્તિ)	૨૦.૦૦
૧૩.	પ્રેરણાપીયૂષ (શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો)	૦૮.૦૦
૧૪.	કડવું અમૃત (ત્રીજી આવૃત્તિ)	૪૦.૦૦
૧૫.	મૃતસંજીવની	૩૫.૦૦
૧૬.	નીજાનંદના ઝબકારે	૯૦.૦૦
૧૭.	આધ્યાત્મિક ગરબા (કાર્તિકસ્વામી કીર્તનપદો)	૧૫.૦૦
૧૮.	ઓમ્‌નારાયણનાં ચિત્રો (મોટાં)	૦૫.૦૦
૧૯.	ઓમ્‌નારાયણનાં ચિત્રો (નાનાં)	૦૩.૦૦
૨૦.	અમૃત છલકાયું, ભિક્ષુ ઝોળીમાંથી	૨૦.૦૦
	રુતમ્ભરા (ત્રિમાસિક) લવાજમ : ત્રિવાર્ષિક રૂા. ૧૦૦.૦૦, આજીવન રૂા. ૫૦૦.૦૦ (ભારતમાં)	
હિન્દી		
૧.	નિર્ઝર ઝરા કો ગેબ સે (વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત)	૧૦.૦૦
૨.	ઈશ્વર કી પહચાન (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી)	૧૧.૦૦
૩.	ક્રાંત-ચિંતન (પૂ. યોગભિક્ષુજી અને ઓ.પ્રે.ધ્યા.ટ્રસ્ટનો પરિચય)	૧૭.૦૦
૪.	મુક્તા (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ)	૫૫.૦૦
English		
1.	Maitri (The Yoga-secret of Universal Peace)	2.50
2.	Streaming from The Invisible (The Subtlest causes of world unrest)	7.00
3.	Easiest is Realization (Articles)	5.00
4.	Why Meditation ?	3.00
5.	Yogabhikshu – An Introduction	5.00
6.	I wish to Awaken The Society	10.00
ઓડિયો કેસેટ - સીડી.		
૧.	સંગીતમય ગાયત્રી મંત્ર	૩૫.૦૦
૨.	પૂ. યોગભિક્ષુજીનાં પ્રવચનો	૩૫.૦૦
૩.	અલૌકિક કાર્તિકસ્વામી ગરબા	૩૫.૦૦
૪.	સ્વાધ્યાય (ઓમ્‌પરિવાર)	૩૫.૦૦
૫.	ભજનો (સાદુ સંગીત)	૩૫.૦૦
૬.	ઓમ્‌ચાલીસા	૪૦.૦૦
૭.	ગુરુભાવની તથા ભજનો (સીડી)	૩૫.૦૦
૮.	આરોગ્ય મંત્ર	૩૫.૦૦
૯.	સંકટમોચન મંત્ર	૩૫.૦૦
૧૦.	ઓમ્ નમઃ શિવાય	૩૫.૦૦
૧૧.	ઓમ્ ગુરુદેવ પરમાત્મા	૩૫.૦૦

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम्–ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने करावा प्रयत्न करवो. (२) 'योग'नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लावावा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के, केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...	રૂ.	૩૦-૦૦
આજીવન સભ્ય (ભારતમાં) ...	રૂ.	૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...	$	૧૫-૦૦
આજીવન સભ્ય (પરદેશમાં) ...	$	૧૫-૦૦
છૂટક નકલની કિંમત ...	રૂ.	૧૦-૦૦

લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા અમદાવાદ - ૩૮૦ ૦૧૩

(૨) નૌધણભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩. ગંગાધરા સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક પિતા
પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST
(Reg. No. E/4416 Date 11-5-81)
From : -3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad-9
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09 (Up to MARCH-2013)